Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# -: પરિપત્ર :-

વિનયન વિદ્યાશાખા હેઠળની સંસ્કૃત વિષયના અભ્યાસક્રમ ચલાવતી તમામ સંલગ્ન સ્નાતક કોલેજોનાં આચાર્યશ્રીઓને જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષ ૨૦૧૯–૨૦ થી અમલમાં આવનાર ટી.વાય.બી.એ. સેમેસ્ટર–૫ અને ૬નાં અભ્યાસક્રમ અંગે સંસ્કૃત વિષયની અભ્યાસસમિતિની તા.૧૭/૦૭/૨૦૧૮ ની સભાનાં ઠરાવ ક્રમાંક: ૨ અન્વયે કરેલ નીચેની ભલામણ વિનયન વિદ્યાશાખાની તા.૨૫/૦૪/૨૦૧૯ ની સભાનાં ઠરાવ ક્રમાંક : ૮ અન્વયે સ્વીકારી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ એકેડેમિક કાઉન્સિલએ તેની તા.૦૭/૦૬/૨૦૧૯ની સભાના ઠરાવ ક્રમાંક:૭૧ અન્વયે સ્વીકારી મંજૂર કરેલ છે. તેની જાણ સંબંધકર્તા શિક્ષકો અને વિદ્યાર્થીઓને કરવી, તદ્ઉપરાંત તેનો અમલ કરવો.

**<u>સંસ્કૃત વિષયનીઅભ્યાસસમિતિની તા.૧૭/૦૭/૨૦૧૮ ની સભાનાં ઠરાવ ક્રમાંક: ૨</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ટી.વાય.બી.એ. સેમેસ્ટર–૫ અને ૬નો શૈક્ષણિક વર્ષ ૨૦૧૯–૨૦ થી અમલમાં આવતો અભ્યાસક્રમ જરૂરી સુધારા–વધારા સાથે મંજૂર કરવામાં આવે છે અને તે મંજૂર કરવા વિનયનવિદ્યાશાખાને ભલામણ કરવામાં આવે છે.

**<u>વિનયન વિદ્યાશાખાની તા.૨૫/૦૪/૨૦૧૯ની સભાનાં ઠરાવ ક્રમાંક: ૮</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, સંસ્કૃત વિષયનીઅભ્યાસસમિતિની તા.૧૭/૦૭/૨૦૧૮ ની સભાનાં ઠરાવ ક્રમાંક: ૨ અન્વયે કરેલ ભલામણ સ્વીકારી મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલ ને ભલામણ કરવામાં આવે છે.

**એકેડેમિક કાઉન્સિલની તા.૦૭/૦૬/૨૦૧૯ ની સભાનાં ઠરાવ ક્રમાંક: ૭૧**

:: આથી ઠરાવવામાં આવે છે કે, વિનયન વિદ્યાશાખાએ તેની તા. ૨૫/૦૪/૨૦૧૯ ની સભાના ઠરાવ ક્રમાંક : ૮ અન્વયે ભલામણ કરેલ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯–૨૦ થી અમલમાં આવનાર સંસ્કૃત વિષયનો ટી.વાય.બી.એ. સેમેસ્ટર–૫ અને ૬નો અભ્યાસક્રમ સ્વીકારી મંજૂર કરવામાં આવે છે.

બિડાણ: ઉપર મુજબ

ક્રમાંક : એકે./પરિપત્ર/૧૦૩૮૧/૧૯
તા. ૨૧–૦૬–૨૦૧૯

ઈ.ચા. કુલસચિવ

પ્રતિ,

૧) વિનયન વિદ્યાશાખા હેઠળની સંલગ્ન સંસ્કૃત વિષયના અભ્યાસક્રમ ચલાવતી સ્નાતક કોલેજોનાં આચાર્યશ્રીઓ.
૨) અધ્યક્ષશ્રી, વિનયન વિદ્યાશાખા
૩) પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત.

.....તરફ જાણ તેમજ અમલ સારૂ.

# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી

## યુનિવર્સિટી  કેમ્પસ, ઉધના મગદલ્લા રોડ, સુરત  395007

## તૃતીય વર્ષ બી.એ. સંસ્કૃત મુખ્ય  વિષય

## CBCS પ્રમાણેનો

## સેમેસ્ટર  ૫ અને  ૬ નો અભ્યાસક્રમ  પાઠયક્રમ

## (શૈક્ષણિક  વર્ષ  ૨૦૧૯–૨૦ થી અમલમાં)

SEMESTER-5

Core comp & core Elective credit-03

Paper XI-A (11-A) Total marks-50

## સંસ્કૃત લલિત સાહિત્ય પ્રાચીન પ્રશિષ્ટસાહિત્ય

**ઉદ્દેશ:** પંડિતયુગનાં મહાકાવ્યોની પોતાની ભાષાકીય વિશેષતા છે. તે ભાષાનો પરિચય થાય એ માટે અને તે સાથે સંસ્કૃત મહાકાવ્યોના અભ્યાસ દ્વારા રાષ્ટ્ર ભાવના, આદર્શ નેતૃત્વ શકિત અને આદર્શ રાજનીતિના સિદ્ધાંતોથી વિદ્યાર્થી ઓ પરિચિત બને એ ઉદ્દેશ છે.

### કૃતિ: બુદ્ધચરિતમ્ અશ્વઘોષ રચિત નિયતાંશ (સર્ગ - ૫)

Unit-I રચયિતા કવિના જીવન અને તેમની કૃતિઓનો પરિચય, પદ્યના પ્રકારો, મહાકાવ્યનું સ્વરૂપ,મહાકાવ્યના લક્ષણો બુદ્ધચરિતનું મહાકાવ્ય તરીકે મૂલ્યાંકન,કવિની વિદ્વત્તાનો વિમર્શ પંડિતયુગની લાક્ષણિકતા, અશ્વઘોષ શાસ્ત્રકવિ તરીકે (૧૩)

Unit -II બુદ્ધચરિતમ્ નિયતાંશ સર્ગ ૫ શ્લોક ૧ થી ૨૯ (૧૨)

Unit -III બુદ્ધચરિત નિયતાંશ સર્ગ ૫ શ્લોક ૩૦ થી ૫૮ (૧૩)

Unit -IV બુદ્ધચરિત નિયતાંશ સર્ગ ૫ શ્લોક ૫૯ થી ૮૭ (૧૨)

**અભ્યાસક્રમના મુદ્દાઓ:**

મહાકાવ્યના કર્તાનો સર્વાંગીણ પરિચય, તેમનું જીવન અને કવન મહાકાવ્યની ઉત્પત્તિ વિકાસ, મહાકાવ્યનાં લક્ષણો અને બુદ્ધચરિતમાં તેની અન્વિતિ,બુદ્ધચરિતનું મહાકાવ્ય તરીકે મૂલ્યાંકન અશ્વઘોષની કાવ્યશૈલીની વિશેષતા, રસ, અલંકારો, પાત્રસૃષ્ટિની વિશેષતા, રાજનીતિ, શ્લોકોનો અનુવાદ અને ઉકિતઓનો સસંદર્ભ વિમર્શ વિગેરે નિયતાંશગત વિષયોની વિચારણા.

### સંદર્ભ ગ્રંથો


૧. સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ ડૉ. એ. ડી. શાસ્ત્રી

૨. સંસ્કૃત મહાકાવ્ય કેશવરામ મૂશલગાંવકર ચૌખંમ્બા, વારાણસી ૬૩.

૩. અશ્વઘોષ મહાકાવ્ય સંપાદક ઔર અનુવાદક સૂર્યનારાયણ ચૌધરી.

૪. અશ્વઘોષ પ્રણીત બુદ્ધચરિત: એક અધ્યયન સંજયકુમાર તિવારી, ઇસ્ટર્ન બુક લિંકર્સ દિલ્લી. ૨૦૦૨

૫. અશ્વઘોષ કી કૃતિઓકા દાર્શનિક અધ્યયન સંજયકુમાર તિવારી ઇસ્ટર્ન બુક લિંકર્સ દિલ્લી ૨૦૦૬.

૬. અશ્વઘોષના મહાકાવ્યો ડૉ. રશ્મિ પ્રદ્યુમ્નભાઇ મહેતા પાશ્વપ્રકાશન, અમદાવાદ.

B.A.SEM-V

Core Comp. Credit-03

Paper-XI(B) Total Marks-50

**કૃતિ : અર્વાચીન સંસ્કૃત કાવ્યસંચય**

**ઉદ્દેશ :** આધુનિકતાના પરિપ્રેક્ષ્યમાં આધુનિક સંસ્કૃત સાહિત્યનો છાત્રોને પરિચય કરાવવો. સંસ્કૃત સાહિત્યમાં આધુનિકતાના દરેક પ્રકારો, ગઝલ,ગીત,અછાન્દસ, મૉનો ઇમેજ જેવા કાવ્યોનો ઉદ્‌ભવ,કલ્પન,પ્રતીક અને પુરાકલ્પનની સંજ્ઞાઓનો પરિચય,તેમજ સંસ્કૃત ભાષા સતત જીવંત અને સમય સાથે પરિવર્તિત છે,તેનાથી વિદ્યાર્થીને વાકેફ કરાવવાનો ઉદ્દેશ છે.

Unit: I કવિઓ અને તેમની કૃતિઓનો પરિચય,સમય,આધુનિક કાવ્ય સ્વરૂપ,આધુનિક મિથક અને તેનું સ્વરૂપ, વ્યાખ્યા,પ્રકારો, સાહિત્યિક સંજ્ઞા,ભાષાશૈલી,કૃતિગત વિષયો. (૧૩)

Unit: II નિયતાંશ કાવ્યો (૧૨)

Unit: III નિયતાંશ કાવ્યો (૧૩)

Unit: IV નિયતાંશ કાવ્યો (૧૨)

**અભ્યાસક્રમના મુદ્દાઓ :** કૃતિના કર્તાઓ, તેમનું જીવન, તેઓની કૃતિઓનો પરિચય,આધુનિક સંસ્કૃત સાહિત્યનો પરિચય, ગુજરાતના સંસ્કૃત સાહિત્યકારોનું પ્રદાન,આધુનિક કાવ્યોનું સ્વરૂપ,લક્ષણ, કૃતિગત વિશેષતા, કવિની ભાષા, શૈલીની વિશેષતા.

**સંદર્ભગ્રંથો :**


૧. આધુનિક સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ, પ્રો. હષદેવ માધવ

૨. અર્વાચીન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ. પ્રો. વર્ણેકર પ્રાચ્ય વિદ્યામંદિર, વડોદરા.

૩. ભાવસ્થિરાણિ.......સંગ્રહનાં કાવ્યો ડૉ. હર્ષદેવ માધવ

૪. ભાતિ મે ભારતમ્ ....ડૉ. **રમાકાંત શુકલ**

૫. પૌરાણિક કથાકોષ સં. પીતાંબરદાસ દેરાસરી.

B.A.SEM -V

Core Comp. Credit-03

Paper-XII-(12) Total Marks- 50

**ભારતીય તત્ત્વજ્ઞાન અને ધર્મશાસ્ત્ર અનેગીતાસોપાનમ્ પ્રથમભાગ**

**ઉદ્દેશ:** ગીતામાં વ્યકત થયેલી વિચારધારા શાશ્વત છે. જે આજના સમાજમાં ખૂબજ ઉપાદેય છે.માનવીને નિરાશામાંથી બહાર કાઢીને આશાઓની વચ્ચે મૂકી આપનારા ગીતાના તાત્ત્વિક ઉપદેશનો અહીં પરિચય કરાવવાનો તથા ગીતા સોપાનમ્ દ્વારા સંસ્કૃત સંભાષણ પદ્ધતિથી વિદ્યાર્થીને વાક્વ્યવહાર શીખવવાનો ઉદ્દેશ છે.

**કૃતિ: શ્રીમદ્ભગવદ્ગીતા નિયતાંશ અધ્યાય ૧ થી ૪ અને ગીતા સોપાનમ્**

Unit-I કૃતિ અને કર્તાનો પરિચય,ગીતાના ચાર અધ્યાયોના વિષયવસ્તુનો પરિચય, પ્રસ્થાનત્રયીમાં ગીતાનું સ્થાન,સંસ્કૃત સાહિત્ય ઉપર અને સમાજ ઉપર ગીતાનો પ્રભાવ (૧૩)

Unit-II શ્રીમદ્ ભગવદ્ગીતા અધ્યાય ૧ થી ૪ (સાનુવાદ) (૧૨)

Unit-III ગીતાસોપાનમ્ પાઠ ૧ થી ૬ (૧૩)

Unit-IV ગીતાસોપાનમ્ પાઠ ૭થી ૧૨ (૧૨)

**અભ્યાસક્રમના મુદ્દાઓ:** શ્રીમદ્ભગવદ્ગીતાનું વિષયવસ્તુ, ઉપનિષદ્ સાથેનો સંબંધ, ગીતાનો મુખ્ય સિદ્ધાંત, અર્જુનવિષાદ અને તેને દૂર કરવાનો કૃષ્ણનો ઉપક્રમ, કર્મયોગ, સંન્યાસ યોગ, ધ્યાનયોગ, નિયત એવા પ્રત્યેક અધ્યાયનો સારાંશ, તે તે અધ્યાયમાં આવતું તત્ત્વજ્ઞાન ,ગીતાસોપાનમ્ પાઠ

વિદ્ધિમામ્, થી ન કરોતિ સુધી, નાસ્તિ બુદ્ધિ: થી મા તે સંગોસ્તુ સુથી.

**સંદર્ભ ગ્રંથસૂચિ:**


૧. શ્રીમદ્ભગવદ્ગીતા, સંપા. પ્રો.સુહાસ ઝાલા, સરસ્વતી પુસ્તક ભંડાર અમદાવાદ.

૨. ગીતા રહસ્ય શ્રી બાલગંગાધર તિલક

૩. ગીતા પ્રવચનો શ્રી વિનોબા ભાવે, નવજીવન પ્રકાશન,અમદાવાદ.

૪. શ્રીમદ્ભગવદ્ગીતા સંપા. પ્રો. ગૌતમ પટેલ, અમદાવાદ.

૫. ૫. ગીતાસોપાનમ્ પ્રથમભાગ સંસ્કૃત ભારતી નવદેહલી, ડૉ.વિશ્વાસ

B.A SEM - V

Core Comp. Credit-03

Paper-XIII (13 ) Total Marks- 50

**વૈદિક સાહિત્યનો ઇતિહાસ અને ભાષાપ્રવેશ નિયતાંશ પ્રથમભાગ :**

**ઉદ્દેશ :** ભારતીય સંસ્કૃતિના આદ્ય ગ્રંથ તરીકે જે વેદ પ્રસિદ્ધ છે, તેના વિષય

વસ્તુનો પરિચય કરાવવના ઉદ્દેશ્ય સાથે આ પાઠયક્રમ વિચારાયો છે. આમાં વિધિ નિષેધાત્મક વેદ મંત્રો તથા વૈદિક પ્રાર્થનાઓનો પરિચય કરાવવાનું પણ રાખ્યું છે.

**કૃતિ : નિયત નથી. વૈદિક સાહિત્ય ઇતિહાસનું કોઇપણ પુસ્તક નિયત વિષયો.**

Unit I: ચારેય વેદ સંહિતાઓનો પરિચય ,વેદકાલીન સાંસ્કૃતિક અને સામાજિક જીવન પ્રણાલીનો પરિચય (૧૩)Unit II: સૂકતોનો પરિચય,પર્જન્ય, પ્રસ્વાપિની, મંડૂક, હિરણ્યગર્ભ સૂકતનો પરિચય તથા બ્રાહ્મણ ગ્રંથનો પરિચય ઐતરેય,શતપથબ્રાહ્મણ તાંડય બ્રાહ્મણ,ગોપથ બ્રાહ્મણ (૧૨)

Unit III:ભાષાપ્રવેશ: પાઠ ૩૦ થી ૩૪ (૧૩)

Unit IV: ભાષાપ્રવેશ: પાઠ ૩૫ થી ૪૦ (૧૨)

**અભ્યાસક્રમના મુદ્દાઓ :**

વેદનો પ્રાથમિક પરિચય, વૈદિક દેવતાઓનું સ્વરુપ અને તેમનાં પરાક્રમો, વેદમાં ઉપર્દિષ્ટ વ્યકિતગત જીવન પારિવારિક જીવન તથા સામાજીક જીવનની રૂપરેખા, વેદના વ્યાખ્યાગ્રંથ તરીકે બ્રાહ્મણ ગ્રંથોનો પરિચય, આખ્યાનનું સ્વરૂપ અને પ્રકારો, આખ્યાનોના વિવિધ અર્થઘટન , ભાષાપ્રવેશ પાઠ વારમ્, શીઘ્રમ્,કત્વાપ્રત્યયાન્ત ,અખંડવિશ્વાસ થી અદ્યતન,કિન્તુ,પ્રાયશ:,અપેક્ષયા સુધી.

**સંદર્ભગ્રંથસૂચિ :**


૧. વૈદિક સાહિત્યનો ઇતિહાસ સંપા. પ્રો. ગૌતમ પટેલ, અમદાવાદ

૨. વૈદિક સાહિત્ય કા ઇતિહાસ પ્રો. બલદેવ ઉપાધ્યાય.

૩. વૈદિક સાહિત્ય ઔર સંસ્કૃતિ પ્રો.કપિલદેવ શાસ્ત્રી

૪. વૈદિક સાહિત્ય કા ઇતિહાસ પ્રો. પારસનાથ દ્વિવેદી.

૫. વૈદિક સંસ્કૃતિ પ્રો. રુપકિશોર શાસ્ત્રી, હરિદ્વાર

૬. વેદ કાલીન સમાજ સં. જ્ઞાની શિવદત્ત, ચૌખમ્બા, વારાણસી

૭. ભાષાપ્રવેશ : પ્રથમ ભાગ સંપા. ડૉ. ચાંદકિરણ સલૂજા

B.A SEM -V

Core Comp. Credit-03

Paper XIV (14 ) Total Marks- 50

## વ્યાકરણ શાસ્ત્ર અને ભાષાવિજ્ઞાન

**ઉદ્દેશ :**ભાષાના વિદ્યાર્થીએ ભાષાની આંતરિક સંરચના જાણવી જોઇએ. આ માટે સંસ્કૃતની પ્રાચીન પરંપરાના પાણિનીય વ્યાકરણ શાસ્ત્રનો પ્રારંભિક પરિચય કરવો જોઇએ. આ સાથે આધુનિક રીતે વિચારાયેલા ભાષા વિજ્ઞાનના સિદ્ધાન્તોનો પણ પ્રારંભિક પરિચય કરવો જોઇએ. આ અપેક્ષાની પૂર્તિનો પ્રસ્તુત પાઠયક્રમમાં ઉદ્દેશ્ય છે.

**કૃતિ : શ્રીભટ્ટોજીદીક્ષિતકૃત વૈયાકરણસિદ્ધાંતકૌમુદી નિયતાંશ સંજ્ઞાપ્રકરણ તથા ભાષાવિજ્ઞાન**

Unit I: સંસ્કૃત વ્યાકરણશાસ્ત્રનો પરિચય પાણિનીથી ભટ્ટોજીદીક્ષિત સુધી અષ્ટાધ્યાયીનો પરિચય તથા તેની વિશેષતાઓનો વિમર્શ,પાણિની વ્યાકરણ પરંપરામાં કૌમુદીનું સ્થાન, ભટ્ટોજીનું પ્રદાન (૧૩)

Unit II: વૈયાકરણ સિદ્ધાંતકૌમુદી નિયતાંશ સંજ્ઞાપ્રકરણ. (૧૨)

Unit III: ભાષાવિજ્ઞાન ભાષા અને ભાષાવિજ્ઞાનની વ્યાખ્યા પરિભાષા,ભાષાની ઉત્પત્તિને લગતા વિવિધ વાદો અને સિદ્ધાંતો, ભાષાવિજ્ઞાનનું કાર્યક્ષેત્ર, ભાષાવિજ્ઞાનના અધ્યયનમાં યોગદાન આપનારા પ્રસિદ્ધ વિદેશી વિદ્વાનોનો પરિચય. (૧૩)

Unit IV: ભાષાવિજ્ઞાન, ભાષાવિજ્ઞાનના અંગો, ભાષાવિજ્ઞાનના અધ્યયનની પદ્ધતિઓ અને પ્રણાલિકાઓ, ધ્વનિપરિવર્તનના પ્રમુખ નિયમો, ભાષાવિજ્ઞાનના અધ્યયનમાં સંસ્કૃતનું મહત્ત્વ. (૧૨)

**અભ્યાસક્રમના મુદ્દાઓ :**

સંસ્કૃત વ્યાકરણશાસ્ત્રનો પરિચય,પાણિનિનું મહત્ત્વ, અષ્ટાધ્યાયીનો પ્રાથમિક પરિચય, પાણિનિ વ્યાકરણ શાસ્ત્રીય વિવિધ સંજ્ઞાઓનો પરિચય તથા તે તે સંજ્ઞાઓનાં ફળ અને ભાષા વિજ્ઞાનને લગતા સૂચિત વિષયો.

### સંદર્ભ ગ્રંથસૂચિ :


૧. સંસ્કૃત વ્યાકરણ શાસ્ત્ર કા ઇતિહાસ, ભાગ ૧,૨,૩ સંપા. પંડિત યુધિષ્ઠર મીમાંસક

૨. સંજ્ઞાપ્રકરણમ્ સં. વસન્તકુમાર મ. ભટ્ટ

૩. પાણિનિય વ્યાકરણ વિમર્શ પ્રો. વસન્તકુમાર મ. ભટ્ટ

૪. પાણિનીય વ્યાકરણ પરંપરાનો ઇતિહાસ પ્રો.જ્યદેવ શુકલ, યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ.

૫. ભાષાવિજ્ઞાન પ્રો. વસન્તકુમાર મ. ભટ્ટ

૬. સંસ્કૃત કા ભાષાશાસ્ત્રીય અધ્યયન પ્રો. ભોલાશંકર વ્યાસ

B.A SEM -V(5)

Core Comp. Credit-03

Paper XV(15) Total Marks- 50

## વેદાન્તશાસ્ત્ર અને અનુવાદ

**ઉદ્દેશ**: સંસ્કૃત સાહિત્યમાં દર્શનશાસ્ત્રનું એક વિશિષ્ટ સ્થાન છે. આ દર્શન શાસ્ત્રમાં વેદાન્ત ,ઉત્તરમીમાંસા દર્શન મહત્ત્વનું છે. આ વેદાન્ત દર્શનના વિવિધ સંપ્રદાયો છે અને તેમના પ્રવર્તક આચાર્યો અનેક છે પરન્તુ તેમાં સૌથી વધારે મહત્ત્વનું સ્થાન આચાર્ય શંકરનું છે. તેમની ભાષા, તર્કશકિત અને સિદ્ધાન્તોનો વિદ્યાર્થીને પરિચય કરાવવાનું અહીં લક્ષ્ય છે.

**કૃતિ : શ્રી શંકરાચાર્ય કૃત્ બ્રહ્મસૂત્ર શાંકરભાષ્યમ્ નિયતાંશ : ચતુ :સૂત્રી**

Unit I: ષડ્દર્શનોનો પ્રાથમિક પરિચય, વેદાન્તના વિવિધ સિદ્ધાંતો, શંકરાચાર્યનો પરિચય અને તેમનું પ્રદાન. (૧૩)

Unit II: બ્રહ્મસૂત્ર શાંકરભાષ્યમ્ નિયતાંશ : અધ્યાસભાષ્યમ્ (૧૨)

Unit III: બ્રહ્મસૂત્ર શાંકરભાષ્યમ્ નિયતાંશસૂત્ર ૧.૧ તથા સૂત્ર ૧.૨ (૧૩)

Unit IV: બ્રહ્મસૂત્રશાંકરભાષ્યમ્ સૂત્ર ૧.૩ (૧૨)

**અભ્યાસક્રમના મુદ્દાઓ :**

ષડ્દર્શનોનો પરિચય, વેદાન્તના વિવિધ સંપ્રદાયોનો અને આચાર્યોનો પરિચય વેદાંતદર્શનના વિવિધ સિદ્ધાંતો, શંકરાચાર્ય નો પરિચય અને તેમનો સિદ્ધાંત, ચતુ :સૂત્રીનાં સૂત્રો, તેમનું અર્થઘટન, અને તે ઉપરના શાંકરભાષ્યનો અભ્યાસ.

### સંદર્ભગ્રંથસૂચિ :


૧. ચતુ :સૂત્રી ડાં. લક્ષ્મેશ જોશી, અમદાવાદ.

૨. બ્રહ્મસૂત્ર ચતુ :સૂત્રી સંપા. પંડિત હરદત્ત શર્મા શાસ્ત્રી ,
ચૌખમ્બા ,વારાણસી.

૩. બ્રહ્મસૂત્રશાંકરભાષ્યમ્ સં. વી. એમ. આપ્ટે.મુંબઇ

૪. વેદાંત સં. વી. એસ, ઘાટે.

૫. શંકરાચાર્યનું તત્ત્વજ્ઞાન પ્રો. સી. વી. રાવળ.

૬. ચતુ :સૂત્રી સંપા. ડૉ. પુનિતા દેસાઇ,સરસ્વતી પ્રકાશન,અમદાવાદ.

7. Indian Philosophy - By S. Radhakrishnan.

B.A.Sem - V

Paper-XVI (16) Credit-03

Core Comp. Total Marks-50

## ધર્મશાસ્ત્ર અને અનુવાદ

**ઉદ્દેશ:** ભારતીય કાયદાના મૂળ જાણવા માટે સંસ્કૃત ધર્મશાસ્ત્રનો અભ્યાસ અતીવ આવશ્યક છે. એ સાથે જ ભારતીય સમાજ,સંસ્કૃતિ સભ્યતા,તત્ત્વચિંતન વગેરેના અભ્યાસ માટે પણ ધર્મશાસ્ત્રનો અભ્યાસ કરવો જરૂરી છે. સંસ્કૃતના પ્રાચીન ધર્મશાસ્ત્રમાં યાજ્ઞવલ્કયસ્મૃતિનું સ્થાન મહત્ત્વપૂર્ણ છે. તેથી પ્રસ્તુત પાઠયક્રમમાં તેના દ્વારા પ્રાચીન ભારતીય સમાજનો પરિચય કરાવવાનો ઉદ્દેશ છે.

### કૃતિ: યાજ્ઞવલ્કયસ્મૃતિ નિયતાંશ વ્યવહારાધ્યાય

Unit I: ધર્મશાસ્ત્રનો પરિચય,ધર્મશાસ્ત્રનો ઉદ્ભવ તથા વિકાસ, મહત્ત્વ, કર્તા અને કૃતિઓનો પરિચય, વિષયગત વિશેષતા વિગેરે. (૧૩)

Unit II: યાજ્ઞવલ્કયસ્મૃતિ નિયતાંશ વ્યવહારાધ્યાય શ્લોક૧ થી ૪૦ (૧૩)

Unit III: યાજ્ઞવલ્કયસ્મૃતિ નિયતાંશ વ્યવહારાધ્યાય શ્લોક ૪૧ થી ૮૩ (૧૪)

Unit IV: અનુવાદ (૧૦)

સરળ સંસ્કૃતમાંથી ગુજરાતી અનુવાદ અને ગુજરાતીમાંથી સંસ્કૃતમાં અનુવાદ અહીં માત્ર કર્તા, કર્મ, ક્રિયાપદ અને તે સાથે કયારેક એક બે અવ્યયપદ ધરાવતાં પ્રયોગવાળા વાકયોનો અનુવાદ અપેક્ષિત છે. ગુજરાતીમાંથી સંસ્કૃતાનુવાદ માટે પણ આ જ પ્રકારનાં નાનાં નાનાં વાકયો અપેક્ષિત છે.ગુજરાતીમાંથી સંસ્કૃતાનુવાદ માટે માત્ર વર્તમાનકાળનાં ક્રિયાપદોનો જ સંદર્ભ રાખવો.

### અભ્યાસક્રમના મુદ્દાઓ:

ધર્મશાસ્ત્રનો ઉદ્ભવ તથા વિકાસ, ધર્મશાસ્ત્રાનુસાર ધર્મનું લક્ષણ, ધર્મશાસ્ત્રનું મહત્ત્વ, ધર્મશાસ્ત્રના વિષયો, યાજ્ઞવલ્કયનો પરિચય, યાજ્ઞવલ્કયસ્મૃતિની વિશેષતા, તેનું પ્રદાન, વ્યવહારાધ્યાયના વિષયો, વ્યવહારનું લક્ષણ, વ્યવહારનાં પ્રમાણો, સાધારણ અસાધારણ વ્યવહાર માતૃકા,ૠણાદાન, ઉપનિધિ, સાક્ષી વગેરે પ્રકરણોનો વિમર્શ.

### સંદર્ભ ગ્રંથો:


૧. ધર્મશાસ્ત્ર કા ઇતિહાસ ચાર ભાગ શ્રી પી. વી. કાળે.

૨. યાજ્ઞવલ્કયસ્મૃતિ સમિતાક્ષરા સં . ડો. ઉમેશચંદ્ર પાંડે

૩. ધર્મશાસ્ત્ર કો વિજ્ઞાનેશ્વર કી દેન લે. રાધેશ્યામ શુકલ, પ્રતિભા પ્રકાશન, દિલ્લી

૪. વ્યાકરણ પથદીપ જતીન પંડયા ગજાનન પ્રકાશન, સુરત.

૫. વાકય સંરચના વસંત મ. ભટ્ટ સરસ્વતી પુસ્તકભંડાર, અમદાવાદ.

## VEER NARMAD SAUTH GUJARAT UNIVERSITY,SURAT

શૈક્ષણિક વર્ષ ૨૦૧૯– ૨૦૨૦ થી અમલમાં આવનાર ટી.વાય.બી .એ.

સંસ્કૃત (મુખ્ય)CBCS સેમેસ્ટર ૬નો અભ્યાસક્રમ

SEM-VI

Core comp Credit -03

Paper 17-A Total Marks- 50

### સંસ્કૃત લલિત સાહિત્ય એવં વ્યાકરણ (પ્રહસન)

**ઉદ્દેશ:** સંસ્કૃત લલિત સાહિત્યના નાટય સાહિત્યમાં નાટકો ઉપરાંત બીજા અન્ય સ્વરૂપોમાં પણ સંસ્કૃત સાહિત્યની શિરમોર કૃતિઓ સર્જાય છે. સમાજને સ્પર્શતી વાતોને વ્યંગ્યાત્મક રીતે પ્રહસનમાં રજૂ કરવાની કલાનો પરિચય આપવા ભગવદજ્જુકીયમનો અભ્યાસ કરાવવો.

### કૃતિ: બૌધાયન કૃત ભગવદ્જ્જુકીયમ્

Unit-I નાટય સાહિત્યમાં પ્રહસનનો પરિચય, વિશેષતા, કૃતિના કર્તાનો પરિચય ભગ્વદ્જ્જુકીયમનું પ્રહસન તરીકે મૂલ્યાંકન વગેરે. (૧૨)

Unit-II ભગવદજ્જુકીયમ્ (૧૩)

Unit-III સમાસ (૧) અવ્યયીભાવ (૨) દ્વન્દ્વ સમાસ (૩) તત્પુરુષ સમાસના બધાજ ભેદો (૧૨)

Unit-IV નિયત વિષયો પર સંસ્કૃતમાં ગદ્યખંડો લખો. (૧૩)

(૧) મમ પ્રિય કવિઃ (૨) મમપ્રિયઃ નાટયકાર (૩) મમ પ્રિય ગદ્યકાર (૪) મમ પ્રિય ઋતુ (૫) મમ પ્રિય ઉત્સવ (૬) મમ પ્રિય પુસ્તકમ્ (૭) મમ રાષ્ટ્રમ્ (૮) મમ પરિવાર કુટુમ્બ

**અભ્યાસક્રમના મુદ્દાઓ:** સંસ્કૃત નાટય સાહિત્યમાં પ્રહસનની વિશેષતા, સ્વરૂપ ,પ્રકારો, ભગવદ્જ્જુકીયમનું મૂલ્યાંકન, કૃતિલક્ષી પ્રશ્નો, શૈલી,પાત્રો,સંવાદ વગેરે. નિયત સમાસો,નિયત વિષય પર સંસ્કૃતમાં ગદ્યખંડો.

### સંદર્ભ ગ્રંથો


૧. સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ ડૉ.એ. બી. કીથ

૨. સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ અમૃત ઉપાધ્યાય

૩. ભગવદ્જ્જુકીયમ્ કમલેશ ચોકસી સરસ્વતી પ્રકાશન

૪. ભગવદ્જ્જુકીયમ્ વિજ્ય પંડયા પાશ્વ પ્રકાશન

૫. સંસ્કૃત સંરચના વસંત ભટ્ટ, સરસ્વતી પ્રકાશન, અમદાવાદ.

૬. વ્યાકરણ પથદીપ જતીન પંડયા, ગજાનન પ્રકાશન ,સુરત

૭. સંસ્કૃત વ્યાકરણ શ્રીધર વસિષ્ઠ

૮. સંસ્કૃત પ્રહસન રાધાવલ્લભ ત્રિપાઠી, અક્ષયવટ પ્રકાશન, ઇલાહાબાદ

B.A.SEM-VI

Core Comp. Credit-03

Paper-17-B Total Marks-50

## સંસ્કૃત લલિત સાહિત્ય અને વ્યાકરણ (નીતિકથા)

**ઉદ્દેશ :** સંસ્કૃત લલિત સાહિત્યમાં નીતિ કથાનું ખેડાણ મહાભારત રામાયણ તેથી પણ પૂર્વે આખ્યાનાત્મક શૈલીમાં વૈદિક સાહિત્યમાં જોવા મળે છે. પ્રાણીજગતના પાત્રો દ્વારા માનવજીવનને નીતિમત્તાના પાઠ શીખવવાની કળા સંસ્કૃત સાહિત્યમાં પ્રાચીન કાળથી વિકસી હતી. તેનો પરિચય કરાવવો. અને તે દ્વારા નીતિના પાઠ ભણાવવા.

### કૃતિ : શ્રી વિષ્ણુશર્મા વિરચિત પંચતંત્ર કાકોલૂકીયમ્

Unit-I સંસ્કૃત ગદ્યકથા સાહિત્ય ઉદ્ગમ,વિકાસ, પંચતંત્રનો પરિચય, શૈલીની વિશેષતા,પંચતંત્રનો ઉપદેશ (૧૨)

Unit-II પંચતંત્ર કાકોલૂકીય (૧૩)

Unit-III સમાસ ૧.અવ્યયીભાવ ૨.દ્વન્દ્વ સમાસ ૩.તત્પુરુષ સમાસ બધાજ ભેદો (૧૨)

Unit-IV નિયત વિષયો પર સંસ્કૃતમાં ગદ્યખંડ (૧૩)

(૧) મમ પ્રિય કવિ (૨) મમ પ્રિય નાટયકાર (૩) મમ પ્રિય ગદ્યકાર

(૪) મમ પ્રિય ઋતુ (૫) મમ પ્રિય ઉત્સવ (૬) મમ પ્રિય પુસ્તકમ્

(૭) મમ રાષ્ટ્રમ્ (૮) મમ પરિવાર કુટુંમ્બ

**અભ્યાસક્રમના મુદ્દાઓ :** ગદ્યકથા નીતિકથાનો ઉદ્ગમ,વિકાસ પંચતંત્રનો પરિચય,વિશેષતા, કાકોલૂકીયમ્ની વાર્તા ઓ બોધ,શૈલી સમાસ, ગદ્યખંડો વગેરે.

### સંદર્ભગ્રંથો :


૧. પંચતંત્રમ્ શ્રી વિષ્ણુ શર્મા શ્રી કૃષ્ણમણિ ત્રિપાઠી ચૌખમ્બા પ્રકાશન, વારાણસી.

૨. કાકોલૂકીયમ્ સંપાદક ડૉ.મહેશ એ. પટેલ નીરવ પ્રકાશન,મણીનગર અમદાવાદ

૩. સંસ્કૃત સાહિત્ય કા ઇતિહાસ એ. બી. કીથ

૪. સંસ્કૃત સાહિત્ય કા ઇતિહાસ બલદેવ ઉપાધ્યાય ,ચૌખમ્બા, વારાણસી

B.A.Sem -VI

Core Comp. Credit-03

Paper-18 Total Marks-50

**શ્રીમદ્‌ભગવદ્‌ગીતા અને ગીતાસોપાનમ્**

**ઉદ્દેશ:** ઉપનિષદો શ્રુતિ, સ્મૃતિઓના સારને રજૂ કરતી ગીતાના દરેક અધ્યાયો જીવનનો નીચોડ રજૂ કરે છે. તેનો અભ્યાસ આધુનિક જીવનના દરેક પ્રશ્નોને સુલઝાવી શકે છે.

**કૃતિ: શ્રીમદ્‌ભગવદ્‌ગીતા અધ્યાય ૫ થી ૮**

ગીતાસોપાનમ્ પાઠ ૧૩ થી ૩૪

| | |
|---|---|
| Unit-I અધ્યાય ૫ અને ૬ | (૧૨) |
| Unit-II અધ્યાય ૭ અને ૮ | (૧૩) |
| Unit-III ગીતાસોપાનમ્ પાઠ ૧૩ થી ૨૩ | (૧૨) |
| Unit-IV ગીતાસોપાનમ્ ૨૪ થી ૩૪ | (૧૩) |

**અભ્યાસક્રમના મુદ્દાઓ:** ઉપનિષદો સાથે ગીતાનો સંબંધ, ગીતાનું માનવજીવનમાં સ્થાન,ગીતાનો પ્રભાવ, કર્મ સંન્યાસ યોગ, આત્મસંયમ યોગ,જ્ઞાન વિજ્ઞાન યોગ,ભકિત યોગ, વિભૂતિયોગ, અધ્યાયોનો સારાંશ, રસદર્શન, અધ્યાયગત પ્રશ્નો, કર્મ જ્ઞાન ભકિતની ત્રિવેણીરૂપે ગીતા,વગેરે. ન શોચતિ ન કાંક્ષતિ,સંક્ષેપગીતા,ભાતૃમેલનમ્,યશો લભસ્વ, પંચૈતાનિમહાબાહો,થી અખંડવિશ્વાસ સુધીના પાઠોની સમીક્ષા.

**સંદર્ભ ગ્રંથો:**


૧. શ્રીમદ્‌ભગવદ્‌ગીતા રહસ્ય બાળગંગાધર ટિળક પૂના.

૨. શ્રીમદ્‌બગવદ્‌ગીતા અષ્ટટીકોપેત વા. લ.પળશીકર ચૌખમ્બા વારાણસી.

૩. ગીતા પ્રવચનો વિનોબા ભાવે

૪. શ્રીમદ્‌ભગવદ્‌ગીતા સં.ગૌતમ પટેલ

૫. સી. વી. રાવલ. પ્રસ્થાનત્રયી, પ્રજ્ઞા પ્રકાશન

૬. ગીતાસોપાનમ્ પ્રથમભાગ: સંસ્કૃત ભારતી,નવદેહલી સં. ડૉ.વિશ્વાસ.

B.A.Sem -VI

Core Comp. Credit-03

Paper-19 Total Marks-50

**પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ અને ભાષાપ્રવેશ**

**ઉદ્દેશ:** સંસ્કૃત સાહિત્ય અને સંસ્કૃત ભાષા ભારતીય સમાજને રજૂ કરનાર મહત્વપૂર્ણ કલા છે. સમાજના દરેક અંગને, ચિંતનને, વ્યવહારમાં ઝીલતા સંસ્કૃત સાહિત્યનો પરિચય કરાવવો.

Unit-I સંસ્કૃત પદ્યસાહિત્ય ,ઇતિહાસ, સર્જ કો ભારવી, માઘ શ્રી હર્ષ,જયદેવ, કલ્હણ, બિલ્હણ (૧૨)

Unit-II ગદ્યસાહિત્ય તથા નાટયસાહિત્યનો ઉદ્ગમ વિકાસ બાણ,સુબંધુ, હર્ષવર્ધન,ભવભૂતિ,શુદ્ક,ભટ્ટનારાયણ (૧૩)

Unit-III ભાષાપ્રવેશ પાઠ ૪૧ થી ૪૪ (૧૨)

Unit-IV ભાષાપ્રવેશ પાઠ ૪૫ થી ૫૦ (૧૩)

**અભ્યાસક્રમના મુદ્દાઓ:** પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યનો ઉદ્ગમ નાટ્ય સાહિત્યની વિશેષતા, પદ્યસાહિત્ય ઉદ્ગમ વિકાસ, લક્ષણ ગદ્યસાહિત્યનો ઉદ્ગમ વિકાસ વિશેષતા, ઉપરોકત કવિઓનો જીવન કવન સાહિત્યિક કૃતિઓના મૂલ્યાંકનો, કવિઓની વિશેષતા, ભાષાપ્રવેશ તૃતીયા વિભકિત, તુમુન્પ્રત્યયાન્ત, અતઃ,યતઃ.

**સંદર્ભગ્રંથો:**


૧. પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ અમૃત ઉપાધ્યાય યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.

૨. સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ ડૉ. એ. ડી. શાસ્ત્રી.

૩. સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ અનુ. મોહનલાલ પા. દવે.

૪. ભાષાપ્રવેશ પ્રથમભાગ સંસ્કૃત ભારતી , નવદેહલી ,સંપા. ડૉ. ચાંદકિરણ સલૂજા, ડૉ, વિશ્વાસ.

B.A.Sem-VI

Core Comp. Credit-03

Paper-20 TotalMarks-50

**વ્યાકરણશાસ્ત્ર અને ભાષાવિજ્ઞાન**

**ઉદ્દેશ :** સંસ્કૃત વાકય સંરચના જગતની અન્ય કોઇ પણ ભાષા સંરચના કરતાં સરળ છે. તેનો સમજીને અભ્યાસ કરવા માટે સિદ્ધાંતકૌમુદી જેવા ગ્રંથોનો વિશદ અભ્યાસ કરવાથી પણ પાણિનિના ફાળાને મૂલવી શકાશે.

**કૃતિ :ભટ્ટોજી દીક્ષિત સિદ્ધાંતકૌમુદી કારકપ્રકરણ અને ભાષાવિજ્ઞાન**

Unit-I અષ્ટાધ્યાયીના સૂત્રોની વિશેષતા, અષ્ટાધ્યાયીનું પ્રદાન, ભટ્ટોજી દીક્ષિતનું પ્રદાન વિભકિત પ્રથમા (૧૨)

Unit-II વિભકિત દ્વિતીય ,તૃતીય , ચતુર્થી દ્વિતીય વિભકિતના કર્મ પ્રવચનીય કરવા નહીં (૧૩)

Unit-III વિભકિત પંચમી, ષષ્ઠી , સપ્તમી (૧૨)

Unit-IV ભાષાવિજ્ઞાન ભાષા પરિવર્તનનાં કારણો, નિયમો, ભારોપીય ભાષાકુળ, કેન્તુમ્ વર્ગ શતમ્ વર્ગની ભાષાઓ, ભારતેરાની ભાષાકુળ, અવેસ્તા વૈદિક સંસ્કૃત ભાષાનું સામ્ય અને ભેદ,સંસ્કૃત સ્વર ધ્વનિનો વિકાસ,સંસ્કૃત વ્યંજન ધ્વનિઓનો વિકાસ (૧૩)

**અભ્યાસક્રમના મુદ્દાઓ :** અષ્ટાધ્યાયીના સૂત્રોની વિશેષતા, અષ્ટાધ્યાયીનું પ્રદાન, સિદ્ધાંત કૌમુદીની વિશેષતા પ્રદાન, કારક પ્રકરણ સંબધિત વિષયો, ભાષાવિજ્ઞાનના ઉપરોકત વિષયો વગેરે.

**સંદર્ભ ગ્રંથો :**


૧. પાણિનીય વ્યાકરણ વિમર્શ વસંત ભટ્ટ.

૨.અષ્ટાધ્યાયી ડૉ. નરેશ ઝા. ચૌખમ્બા પ્રકાશન, વારાણસી.

૩.વ્યાકરણ મહાભાષ્યમ્ આ.યુધિષ્ઠિર મીમાંસક, ચૌકામ્બા, વારાણસી.

૪.પાણિનીય વ્યાકરણ પરંપરાનો ઇતિહાસ જયદેવ શુકલ, યુનિ.ગ્રંથ નિર્માણ બોર્ડ.

૫.વૈયાકરણ સિદ્ધાંત કૌમુદી નિર્ણય સાગર પ્રેસ, મુંબઇ ૧૯૬૫.

૬.ભાષાવિજ્ઞાન વસંત ભટ્ટ, સરસ્વતી પ્રકાશન

૭.વાગ્વિજ્ઞાન આ. સીતારામ ચતુર્વેદી, ચૌખમ્બા, વારાણસી.

૮. સંસ્કૃત ભાષાશાસ્ત્રીય અધ્યયન ભોલાશંકર વ્યાસ

૯. વ્યાકરણ શાસ્ત્ર કા સંક્ષિપ્ત ઇતિહાસ શ્રી રમાકાન્ત મિશ્ર, ચૌખમ્બા.

૧૦.ભાષા વિજ્ઞાન The Science of Language Tr. Udayanath Tivari MLBD.

B.A.Sem -VI

Core Comp. Credit-03

Paper-21 Total Marks-50

## સાંખ્યદર્શન અને અનુવાદ

**ઉદ્દેશ :** આસ્તિક દર્શનોની પરંપરામાં સાંખ્ય દર્શનની પોતાની વિશેષતા છે. તેનો પરિચય કરાવવો.

### કૃતિ : ઇશ્વરકૃષ્ણ પ્રણિતમ્ સાંખ્યકારિકા

Unit-I સાંખ્ય દર્શનનો પરિચય અને પરંપરા, ઇશ્વરકૃષ્ણ પરિચય પ્રદાન વગેરે. (૧૨)

Unit-II સાંખ્યકારિકા ૧ થી ૨૫ કારિકા (૧૩)

Unit-III સાંખ્યકારિકા ૨૬ થી ૫૬ (૧૨)

Unit-IV સંસ્કૃત પદ્યોનો અનુવાદ (૧૩)

**અભ્યાસક્રમના મુદ્દાઓ :** સાંખ્યદર્શનનો પરિચય, ઉદ્ગમ વિકાસ, સાંખ્યના આચાર્યો સાહિત્ય, ઇશ્વરકૃષ્ણનો પરિચય, પ્રકૃતિ, પુરુષ, સત્ કાર્યવાદ, ઇત્યાદિ કૃતિગત વિષયો.

### સંદર્ભ ગ્રંથો :

૧. સાંખ્ય કારિકા વસંત પરીખ

૨. સાંખ્ય યોગ દર્શન નગીન જી. શાહ, યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.

૩. સાંખ્યકારિકા જગન્નાથ શાસ્ત્રી MLBD

4. Indian Philosophy- -Das Gupta

5. Sankhy System -A. B. Kieth

B.A.Sem -VI

Core Comp. Credit -03

Paper -22 Total Marks -50

**ન્યાયદર્શન અને અનુવાદ**

**ઉદ્દેશ :** દર્શન પરંપરામાં ન્યાય દર્શનનો અભ્યાસ તર્કશકિત, વાદ્ વિવાદ તથા તર્કબદ્ધ રજૂઆત શીખવે છે. યથાર્થવાદી દર્શનનો સૌ કોઇ દર્શને સ્વીકાર કર્યો છે. તેનો પરિચય કરાવવો.

**કૃતિ : કેશવમિશ્ર રચિત તર્કભાષા**

Unit-I ન્યાયદર્શન ઉદ્ગમ વિકાસ પરંપરાના આચાર્યો, પ્રાચીન નવ્ય ન્યાયની રૂપરેખા,કેશવમિશ્ર પરિચય, તર્ક ભાષાની વિશેષતા, પ્રદાન (૧૨)

Unit-II તર્કભાષા ઉપોદ્ઘાત થી પ્રમાણ પદાર્થ સુધી (૧૩)

Unit-III પ્રમેય, તર્ક, વાદ,જલ્પ, વિતંડા, હેત્વાભાસ, છલ, જાતિ,નિગ્રહસ્થાન (૧૨)

Unit-IV ગુજરાતીમાંથી સંસ્કૃતમાં અનુવાદ અપઠિત ગદ્યખંડો. (૧૩)

**અભ્યાસક્રમના મુદ્દાઓ :** ન્યાય દર્શનનો પરિચય પરંપરા, ન્યાય વૈશેષિક દર્શનની વિશેષતા, તર્કભાષાનો પરિચય, કેશવમિશ્રનો પરિચય, તર્કભાષાના અભ્યાસના વિષયો પ્રમા, પ્રમાણ વિચાર, પ્રમેય, તર્ક, વાદ, જલ્પ, વિતંડા, હેત્વાભાસ, છલ, જાતિ, નિગ્રહસ્થાન વગેરે.

**સંદર્ભગ્રંથો :**


૧.ન્યાય વૈશૈષિક દર્શન નગીન જી. શાહ યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ,અમદાવાદ.

૨. ન્યાયદર્શનમ્ શાલિગ્રામ શાસ્ત્રી.

૩. હિન્દ તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ નર્મદાશંકર મહેતા, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ ૧૯૬૨

૪. તર્કભાષા બદરીનાથ શુકલ MLBD Varanshi

5. Indian Philosophy - Das Gupta